જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૫/૨/૨૦૧૪ બુધવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**<u>શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૬૯/૧૪</u>**

**<u>વટવા પો.સ્ટે.</u>**

વટવા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુ.ર.નં.૩૦૫૯/૨૦૧૪ ઇ.પી.કો કલમ ૨૯૪(ખ) ,૩૨૩,૧૧૪ આર્મ એક્ટ ૨૫(૧) મુજબના કામના આરોપી નદીમખાન શરીફખાન પઠાન (ઉ.વ.૩૮) (રહે. સી/૩૨ એજાજનગર વી-૩ અહેમદનગરની બાજુમાં સૈયદવાડી વટવા) ને વટવા પોલીસ સ્ટેશનના પો.સ.ઇ શ્રી જે.એન.ગોસ્વામી નાઓએ તા.૪/૨/૧૪ સાંજના ૭/૧૫ વાગે પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

**<u>ઇસનપુર પો.સ્ટે.</u>**

ઇસનપુર પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૩/૧૪ ઇ.પી.કો.કલમ ૩૬૫ મુજબના કામના ફરીયાદી સીમા ડો/ઓફ યુનુસભાઇ મુસાભાઇ જાતેઃ છીપા રહે. એક્તાનગર છાપરા દાણીલીમડા નાઓની ફરીયાદના કામમા તા.૨/૧/૧૪ સાંજના આશરે સવા છ એક વાગ્યાના સુમારે ફરીની બેન રેશ્માના દીકરા સેહજાનને તેનો પિતા રસીદ ઉર્ફે આબીદ ઉર્ફે હાફીજ સ/ઓફ અબ્દુલ હકીમ અંસારી રહે. પાલી રાજસ્થાન પ્યારા ચોક સુરજપુર રાજસ્થાન નાની સાથે ફરી.ની બેન રેશ્માએ છુટાછેડા લીધેલ હોય અને તેનો દીકરો સેહજાન ફરી.બેનની સાથે રહેતો હોય તેને ફરી.બેનના વાલીપણામાથી શાહઆલમ રોજા ખાતેથી અપહરણ કરી લઇ ગયેલ.

સદર બાબતે આરોપી તથા ભોગ બનનાર છોકરા બાબતે આરોપીના મુળ વતન રાજસ્થાન ખાતે તથા અજમેર ખાતે તથા આણંદ ખાતે સ્ટાફના માણસોને મોકલી તપાસ કરાવતા સદર આરોપી મળી આવેલ નહી અને આરોપીના મોબાઇલ નંબર આધારે તેના લોકેશન મેળવી તપાસ કરતા તથા ખાનગી બાતમીદારો મારફતે તપાસ કરાવતા સદર આરોપી ભોગ બનનાર છોકરા સાથે ધાનેરા ગેબનશાપીરની દરગાહ ખાતે આવેલ હોવાની હકીકત મળી આવતા સર્વે.સ્કોડના એ.એસ.આઇ. યાકુબખાન હુસેનમીયા નાઓને તથા સર્વે.સ્કોડના માણસોને ધાનેરા ખાતેથી આરોપી તથા ભોગ બનનાર છોકરો મળી આવતા ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે લાવી આરોપીને તા.૪/૨/૧૪ બપોરના ૩/૦૦ વાગે અટક કરવામા આવેલ અને ભોગ બનનાર છોકરા સેહજાન ઉ.વ.૨ ને સહી સલામત હાલતમા તેની માતા રેશ્માબેન નાઓને સોંપવામા આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.